# GUJARATI

20350161

***Maximum Marks: 80***
***Time Allotted: Three Hours***
***Reading Time: Additional Fifteen Minutes***

**Instructions to Candidates**

1. You are allowed an **additional fifteen minutes** for **only** reading the question paper.
2. You must **NOT** start writing during reading time.
3. This question paper has **10 printed pages**.
4. It is divided into **two sections: Section A and Section B**.
5. It has **fifteen questions** in all.
6. **Section A** has **three questions.** All questions are compulsory.
7. While attempting **Multiple Choice Questions** in Section A, you are required to **write only ONE option as the answer**.
8. **Section B** has **twelve questions**. You are required to attempt **any four** questions in this section on **any three** out of the four prescribed textbooks.
9. The intended marks for questions are given in brackets [ ].

**Instruction to Supervising Examiner**

1. Kindly read **aloud** the Instructions given above to all the candidates present in the examination hall.


*© Copyright reserved.*

## SECTION A
## LANGUAGE - 40 MARKS

**Question 1** **[15]**

**Write a composition in approximately 400 words in Gujarati on any *one* of the topics given below.**

**નીચે આપેલાં વિષયોમાથી કોઈપણ એક વિષય પર ગુજરાતીમાં આશરે 400 શબ્દોમાં નિબંધ લખો:**

(i) તમે ઑન લાઈન ખાદ્ય-પદાર્થો મંગાવ્યા તેને મોડું થવાથી તમારા બંને વચ્ચે સંવાદ થયો. એ 'ડિલિવરી બોય' [આંગડિયો] ના જીવનની રોજનીશી અને વિટંબણાને તમારા શબ્દોમાં આલેખો.

(ii) કુદરતના વિવિધ સ્વરૂપોનું આલેખન કરી તે દરેક પાસે માનવી શું શું મેળવે છે તેની છણાવટ કરી કુદરતી સંપત્તિને કઈ રીતે સાચવશો તેનું વિશ્લેષણ કરો.

(iii) આપણી પ્રણાલી અને વિજ્ઞાન વિષે તમારા વિચારોને વાચા આપી ચર્ચો.

(iv) આપણાં જીવનમાં 'પ્રારબ્ધ ચડે કે પુરુષાર્થ' આ કથનની વિરુદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય રજૂ કરો.

(v) તમે એક દિવસ માટે સત્યવ્રત લીધું હતું. તે આખા દિવસ દરમ્યાન થયેલા તમારા અનુભવો અને તેના પ્રભાવનું વર્ણન કરો.

(vi) નીચે આપેલા વિષયોમાથી કોઈપણ એક વિષય પર મૌલિક વાર્તા કે પ્રસંગ લખો.

   (a) ગૌરવ પુરસ્કાર

   (b) નિખાલસતા

20350161 20350161 20350161

## Question 2

**Read the passage given below carefully and answer the questions that follow, using your own words in Gujarati.**

**નીચે આપેલ પરિછેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલાં પ્રશ્નોનાં ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો:**

એક ઘોડેસવાર જંગલમાંથી જઈ રહ્યો હતો. ફળો ભરવા એની પાસે કરંડિયો હતો. ત્યાં તેણે જોયું કે એક નાગ જંગલમાં લાગેલા દવમાં સપડાયો હતો. માણસે તેના ભાલા વડે નાગને અગ્નિમાંથી બહાર કાઢ્યો. માણસે નાગને કહ્યું કે મેં તારો પ્રાણ બચાવ્યો છે. તેના બદલામાં માનવજાતને હવે ડંખ મારીશ નહીં.

નાગે કહ્યું, "હું તો પહેલા તને અને તારા ઘોડાને જ ડંખ મારીશ, કારણ કે તું પણ એવું જ કરે છે."

માણસે કહ્યું, "હું એવું કરતો જ નથી, તું કહે છે એનો કોઈ સાક્ષી છે?"

નાગે રસ્તે જતી એક ગાયને પૂછ્યું, "માણસનો તારા તરફનો વર્તાવ કેવો રહ્યો છે?"

ગાયે કહ્યું, "અત્યંત ખરાબ! મેં એને કેટલાય વાછરડાં આપ્યાં, દૂધ આપ્યું, હવે હું ઘરડી થઈ ત્યારે તેણે મને કાઢી મૂકી છે. હવે હું ઘાસચારા વગર મરી રહી છું."

માણસે કહ્યું, "કાયદા પ્રમાણે એક સાક્ષી પૂરતો નથી. બીજો સાક્ષી જોઈએ. માટે બીજો સાક્ષી લાવ." નાગે બાજુમાં ઊભેલા વૃક્ષને પૂછ્યું, "આ માણસ કેવો છે?" વૃક્ષે કહ્યું, "મેં માણસને છાયો આપ્યો, ફળ-ફૂલ આપ્યાં. બદલામાં માણસે મારા ડાળખા કાપ્યા ને પાંદડા તોડયા. તેના તેણે ઘર બનાવ્યા, વહાણ બનાવ્યા, ચૂલા પેટાવ્યા, અને જરૂર પડશે ત્યારે તેં મને આખેઆખું વાઢી નાખશે."

હવે માણસ મૂંઝાયો. તેણે કહ્યું, "મને એક તક આપ, કોઈ એક ત્રીજા સાક્ષીને પૂંછ. "

એટલામાં ત્યાંથી એક શિયાળ નીકળ્યું. નાગે શિયાળને માણસ વિષે પૂંછયું, શિયાળે નાગને સામેથી પૂછ્યું, "માણસે તારું શું બગાડ્યું છે ?" નાગે ખોટેખોટું કહ્યું, 'આ માણસ મને પકડીને કરંડિયામાં પૂરવા માંગતો હતો.'

શિયાળે કહ્યું, "આવડાક કરંડિયામાં તું કેવી રીતે સમાઈ શકે? તું તો મોટો અને લાંબો છે."

નાગે જવાબ આપ્યો, "વીંટળાઇ જાઉં તો એમાં સમાઈ શકું, જુઓ, બતાઉ." એમ કહી એ કરંડિયામાં પેસીને બેઠો.

એ વખતે શિયાળે કહ્યું, "દુષ્ટ દુશ્મન સપડાયો હોય ત્યારે એને પકડીને એવો બાંધી લો કે એ નીકળી ના શકે." માણસ સમજ્યો. તેણે તરત જ કરંડિયાને બંધ કરી તેના પર ભારે પથ્થર મૂકી દીધો.

આપણાં ઋષિ-શિક્ષકો વિદ્યાર્થીઓને સમજાવતા કે સારા માણસ પર ઉપકાર કરો,પણ ખરાબ માણસને બંધનમાં નાખો. એમાં જ શાણપણ છે.

**પ્રશ્નો:**

(i) ઘોડેસવાર ક્યાં જઈ રહ્યો હતો? શું કરવા? તે વખતે શું બનાવ બન્યો ? [3]

(ii) માનવજાત માટે ઘોડેસવારે શી માંગણી કરી ? નાગે તેને શું કહ્યું ? [3]

(iii) ગાય અને વૃક્ષે નાગ પાસે માનવજાત બદલ શા ખુલાસાઓ કર્યા ? [3]

(iv) "હું એવું કરતો જ નથી એનો કોઈ સાક્ષી છે?"

(a) ઉપરના કથનમાં કયો ભાવ રહ્યો છે? [1]

(1) સવાર પોતાની જાન બચાવવા માંગતો હતો.

(2) ઘોડેસવારે નાગના પ્રાણ બચાવ્યા હતા.

(3) માણસ ડંખ મારતો નથીના પૂરાવાનો ભાવ હતો.

(4) માણસને નાગ માટે મિત્ર ભાવ હતો.

(b) શિયાળે નાગને પ્રશ્ન કર્યો કે __________ [1]

(1) માણસે તારું શું બગાડ્યું છે?

(2) તારે કરંડિયામાં પૂરાવું છે?

(3) માણસે તને મારી નાખવાનો પ્રયત્ન કર્યો ?

(4) તારે માણસ સાથે દોસ્તી કરવી છે ?

(c) નાગ કરંડિયામાં સમાઈ ન શકે કારણ __________ [1]

(1) તે મોટો ને લાંબો છે.

(2) તે વીંટળાઇ જાય એવો છે.

(3) તેને કરંડિયામાં હૂંફ મળે છે.

(4) તે રહેવા માટે વધુ જગ્યા ન રોકે.

(v) (a) નાગ સાબિત કરવા માગતો હતો કે __________. [1]

(1) તેને માણસને મદદરૂપ થવું હતું

(2) તેને માણસનો ઉપકાર માનવો હતો

(3) માણસ નાગની દુષ્ટતા જાણતો હતો

(4) પોતે વીંટળાઇને કરંડિયામાં સમાઈ શકે

(b) છેવટે શિયાળે માણસને સમજાવ્યો કે __________. [1]

(1) દુષ્ટ દુશ્મનને નીકળે નહીં એમ બાંધી દેવો

(2) નાગની દુષ્ટતા દૂર કરવી

(3) નાગ ગમે તેવો હોય તે ડંખ દે જ

(4) નાગને બચાવવાની જરૂર નહોતી

(c) આ કંડિકા દ્વારા મળતો બોધ __________. [1]

(1) દરેક જણ પર ઉપકાર કરો

(2) ખરાબ માણસને સજા કરો

(3) દુષ્ટને બંધનમાં નાખવામાં જ શાણપણ છે

(4) આપણે દૂધ પાઈને સાપ ન ઉછેરવો

**Question 3**

**Do as directed.**

**સૂચના અનુસાર કરો:**

(i) નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો: [1]

મેથીપાક જમાડવો

(ii) નીચે આપેલી કહેવતમાં યોગ્ય શબ્દ ઉમેરી પૂર્ણ કરો: [1]

લોભિયા હોય __________.

203501671

(iii) ખાલી જગ્યામાં યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાક્ય પૂર્ણ કરો: [1]

માર્ગમાં એકાદ અકસ્માત થાય ત્યારે __________ ટ્રાફિક જામ કરી દે છે.

(a) મારામારી કરી

(b) કીડિયારું ઉભરાઈ

(c) ભેગા થઈને

(d) ઝઘડા કરીને

203501б

(iv) ઓપનિંગ બેટ્સમેને 20-20 મેચમાં પહેલા જ બૉલે બાઉન્ડ્રી મારી પોતાનું __________. [1]

(a) શરૂઆત કરી

(b) પ્રવેશ કર્યો

(c) ખાતું ખોલ્યું

(d) આગળ વધ્યો

20350161

(v) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: [1]

રણમાં આવેલો લીલોતરીવાળો પ્રદેશ.

(a) તોફાન

(b) ભૂશિર

(c) ધરતીકંપ

(d) રણદ્વીપ

(vi) મધમાખી રહે તે સ્થાન. [1]

(a) દર

(b) મધપૂડો

(c) વાડો

(d) તબેલો

20350161

(vii) નીચે આપેલ કહેવત વાપરી સાર્થક વાક્ય બનાવો. [1]

ગરજ સરી એટલે વૈદ વેરી.

(viii) નીચે આપેલા એક શબ્દ માટે શબ્દસમૂહ આપો. [1]

પ્રદક્ષિણા

(ix) નીચે આપેલા શબ્દો માટે યોગ્ય વિરોધી આપો. [1]

આવક

(a) ફાવટ

(b) જરાક

(c) માફક

(d) જાવક

(x) લેખિત [1]

(a) વાર્ષિક

(b) ધાર્મિક

(c) મૌખિક

(d) અલૌકિક

## SECTION B
## LITERATURE - 40 MARKS

*Answer **four** questions from this section on **any three** out of the four prescribed textbooks.*

*બ વિભાગમાં **ચાર** નિયત પાઠયપુસ્તકોમાંના **કોઈપણ ત્રણ** પુસ્તકોમાંથી ચાર પ્રશ્નોના જવાબ આપો.*

### ગદ્ય સંચય (GADYA SANCHAY)

**Question 4**

'પદ્મ છાતી કાઢી બોલ્યો: અરે, જા રે જા, તમે બંને ચકલીઓ તો પાંખ આવી કે ઊડી સમજો. મમ્મીને તો હું જ રાખીશ, ખંડની દીવાલોમાં ચણાઈ ગયેલા અવાજો ધીમે ધીમે ખરતા રહ્યાં. - પણ કોઈ સાથે ન રહ્યું. એને જે ભય હતો એ સાચો પડ્યો...આખરે એ એકલી જ પડી.'

(i) પદ્મ કોનો દીકરો હતો? અહીં કોણ એકલી પડી ગયાની વાત થઈ છે? [1]

(ii) પદ્મ ક્યાં રહેતો? તેનું ભણવાનું પૂરું થતાં તે માતા- પિતાને પત્રમાં શું કહેતો? [2]

(iii) પદ્મને પોતાના કુટુંબની ગેરહાજરી કઈ રીતે સાલતી? [2]

(iv) દિવાકરના નિવૃત્ત થયા બાદ આ દંપત્તિ કઇ રીતે સમય પસાર કરતાં? [5]

**Question 5** [10]

જ્યોતીન્દ્ર દવેને મળેલ કોઈ એક ચંદ્રકનો ઉલ્લેખ કરી તેમની ગણના કેવા લેખકોમાંના એકમાં થાય છે તે લખો. દુઃખ ન પડવાથી સુખી થવાને બદલે દુઃખી થઈ જીવ બાળનાર કોઈ એક પ્રસંગનો ઉલ્લેખ 'મારુ દુઃખ' નિબંધને આધારે વર્ણવો.

**Question 6** [10]

'અશ્વમેધ' કયા પ્રકારની વાર્તા છે? તેના લેખકનું નામ જણાવી આ વાર્તાનું રૂપક સમજાવો.

## પદ્ય સંચય (PADHYA SANCHAY)

**Question 7**

'સ્વપનોમાં ભમતા સૌને સાદે એ ચમકાવિયાં:
બીડેલાં નયનોને સૌ સાધુએ કરિયાં ખૂલાં.
સાધુ સાદે નરપતિ તણાં અંતરે એમ થાતું:
'સત્તા શી આ પળવિપળની? રાજ્યના ભોગ શા આ'

(i) આ પંક્તિ કોણ ઉચ્ચારે છે? ક્યાં? [1]

(ii) કોના નયનોને સાધુએ ખુલ્લા કર્યા? કઈ રીતે? [2]

(iii) પ્રજા પોતાને ધન્ય કેમ ગણે છે?તે સાધુને શી શી મદદ કરે છે? [2]

(iv) સાચા અર્થમાં પ્રભુ શું ઇચ્છે છે? છેવટે અવધૂતનું હ્રદય કઈ વાતે નાચી ઉઠ્યું? કોણે તેનું પાત્ર શેનાથી ભરી દીધું? [5]

2035016161

**Question 8** **[10]**

'મા નો પ્રેમ જગતથી ચડિયાતો છે' એ કથનને 'જનની' કાવ્યને કેન્દ્રમાં રાખી ઉદાહરણો સહિત રસાસ્વાદ કરવો.

**Question 9** **[10]**

રમેશ પારેખની કઈ કવિતા તમે ભણ્યા? તે તેમના કયા કાવ્યસંગ્રહમાંથી લેવાઈ છે? આ કાવ્યના શીર્ષકની યથાર્થતા વર્ણવો.

## આંધળી ગલી (AANDHLI GALI)

**Question 10**

'કાંતાબહેન નોતરું લઈ આવ્યા; સાંજે જમવાનું કહ્યું છે બહેને, શુભાંગીનું મોં પડી ગયું. પહેલી જ વાર તે માની દેખરેખ વિના ઢોકળાં બનાવવાની હતી, પણ પરેશે તેની સામે જોયા વિના કહી દીધું:

"વારુ, આવીશું!"

"શું તું પણ?" કાંતાબહેનની પીઠ ફરી ને તરત શુભાંગી બબડી. "તને નથી ખબર, એને..."

(i) કાંતાબહેન કોનું નોતરું લઈ આવ્યા? **[1]**

(ii) શુભાંગીનું મોં શાથી પડી ગયું ? **[2]**

(iii) છેવટે શુભાંગી શું બનાવી જમવા ગઈ? તે વખતે કુંદન કેવી લાગણી અનુભવ્યાનું લેખિકા જણાવે છે? **[2]**

(iv) શુભાંગીએ કુંદનને ક્યારે જમવાનું નોતરું આપ્યું? તે વખતે પરેશનું મન કેવી લાગણી અનુભવતું હતું? **[5]**

**Question 11** **[10]**

શુભાંગી સાથે દોસ્તી થયા પછી કુંદનનું મળવું કોને પસંદ ન હતું? શામાટે? કુંદનનો દેખાવ કેવો હતો?

**Question 12** **[10]**

કુંદનનો નિત્યક્રમ શો હતો? કુંદનને રાશન કાર્ડનું પૂંછતા પરેશને શો પ્રતિસાદ મળ્યો? તે દિવસે પરેશને કુંદન વિષે કેવા કેવા વિચારો આવતાં હતા?

## ચિનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ

## (CHINU MODINA PRATINIDHI EKANKIO)

**Question 13**

'પ્રૌઢ: ઑફિસમાં હું ક્લાર્ક કમ ટાઈપિસ્ટ છું. કાગળ પરના ચિતરામણ આ આંગળીઓના કામ..તમને હું આંગળીઓ કાપી આપું તો હું....

શ્હેરો: મને ખપે ના આંગળીઓ કાપેલી.

પ્રૌઢ: તો?

શ્હેરો: મારુ ગળું તમે આ આંગળીઓથી ભીંસી દેશો.'

(i) શ્હેરો પ્રૌઢ પાસે શેની માંગણી કરે છે? પ્રૌઢે કેમ ના પાડી? **[1]**

(ii) પ્રૌઢ આંગળીઓથી કયા કયા કામો કરતો? **[2]**

(iii) શ્હેરાને પ્રૌઢની આંગળીઓનો ડર કેમ લાગતો હતો? **[2]**

(iv) મારવાના બીજા કયા કયા રસ્તા પ્રૌઢ શ્હેરાને સૂઝાડે છે? તે બદલ તેઓ વચ્ચે થયેલ સંવાદોનો ઉલ્લેખ તમારા શબ્દોમાં કરો. **[5]**

**Question 14** **[10]**

'ખુલ્લા બારણાં' શીર્ષકની યથાર્થતા સમજાવી તેમાના કોઈ એક બનાવને રજૂ કરો.

**Question 15** **[10]**

'ફોટોગ્રાફર' એકાંકીના પાત્રોનો પરિચય આપી, વાર્તાની કથાનાયિકાનું પાત્રાલેખન કરો.